પ્રેસ પ્રકાશન
ભારતીય રિઝર્વ બેંક
સંચાર વિભાગ, કેન્દ્રિય કાર્યાલય, એસ.બી.એસ માર્ગ, મુંબઈ-400001
વેબસાઇટ : www.rbi.org.in
ફોન : 91 22 2266 0502 / ફેક્સ : 91 22 2266 0358
ઈ-મેઇલ : helpdoc@rbi.org.in

તારીખ: 13 નવેમ્બર 2016

**મહાત્મા ગાંધી (નવી) શ્રેણીમાં અંદર મૂકેલા અક્ષર 'L' સાથે રૂપિયા 500 ની બેન્કનોટો ઈસ્યુ કરવી**

ભારતીય રિઝર્વ બેંક ટૂંક સમયમાં મહાત્મા ગાંધી (નવી) શ્રેણીમાં રૂપિયા 500 ના મૂલ્યવર્ગ ની બેન્કનોટો, કે જે બંને નંબર પેનલોમાં અંદર મૂકેલા અક્ષર 'L' સાથે તથા ડૉ. ઉર્જિત આર. પટેલ, ગવર્નર, રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા ની સહી ધરાવતી અને અને બેન્કનોટના પાછળના ભાગમાં છપામણી નું વર્ષ '2016' તથા સ્વચ્છ ભારતનો લોગો છપાયેલ હોય તેવી ઈસ્યુ કરશે.

આ નવી રૂપિયા 500 ની બેન્કનોટો અગાઉની સૂચિત બેન્કનોટો (SBN) ની શ્રેણી કરતા રંગ, કદ, થીમ, સુરક્ષા લક્ષણો નું સ્થાન સ્થાન અને ડીઝાઈનના મૂળતત્વો માં અલગ છે. મુખ્ય લક્ષણો:

- કદ 66 mm x 150 mm છે.
- રંગ સ્ટોન ગ્રે (ભૂખરો) છે.
- પાછળના ભાગમાં ભારતીય હેરીટેજ સાઈટની પ્રતિકૃતિ લાલ કિલ્લો – ભારતીય ધ્વજ સાથે.

બેન્કનોટ (મહાત્મા ગાંધીની પ્રતિકૃતિ, અશોક સ્તંભનું પ્રતિક, બ્લીડીંગ રેખાઓ, જમણી તરફ રૂપિયા 500 સાથેનું વર્તુળનું ઉપસેલું છાપકામ (Intaglio Printing) તથા ઓળખ ચિન્હ) ના લક્ષણો ધરાવતી હશે જે નબળી દ્રષ્ટિવાળી વ્યક્તિને મૂલ્યવર્ગ મૂલ્યવર્ગ ઓળખવા સક્ષમ બનાવશે.

તારીખ: 8 નવેમ્બર 2016 ની પ્રેસ જાહેરાત નં. – 2016 – 2017/1146 અન્વયે ઈસ્યુ કરેલ બેન્કનોટો કાયદેસરના ચલણ ચલણ તરીકે ચાલુ રહેશે.

અલ્પના કીલાવાલા
પ્રધાન સલાહકાર

**પ્રેસ પ્રકાશન: 2016 – 2017/1196**